તલાટી કમ મંત્રી પાસેથી મળેલી પ્રમાણિત નકલોમાં પણ ચેડા કરાયા હોવાનું યુવતીએ જણાવ્યું

કાલોલની યુવતી પાસેથી કોરા કાગળોમાં સહીઓ કરાવી ગેરકાયદે લગ્ન રજીસ્ટર કરાવ્યાનો આક્ષેપ

તલાટી કમ મંત્રી, નોટરી સહિત 6 સામે ગંભીર આરોપો; યોગ્ય તપાસની માંગ

(પ્રતિનિધિ) કાલોલ, તા.6

ગુજરાત રાજ્યમાં કેટલીક ગ્રામ પંચાયતોમાં તલાટી કમ મંત્રી અને મળતીયાઓ દ્વારા ગેરકાયદે રીતે લગ્ન રજીસ્ટર કરાવવાના રેકેટ અંગે ચર્ચાઓ ચાલી રહી છે, ત્યારે કાલોલમાંથી એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. કાલોલના રાણાવાસ વિસ્તારમાં રહેતી યુવતી અંજલી સુરેશભાઈ રાણાએ જિલ્લા પોલીસ અધિક્ષક, જિલ્લા કલેક્ટર, ગૃહમંત્રી તેમજ કાલોલ પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી કરી તલાટી કમ મંત્રી અને નોટરી સહિત કુલ છ ઈસમો સામે ગંભીર આક્ષેપો કર્યા છે.

અરજદાર યુવતીએ આરોપ લગાવ્યો છે કે આરોપી હાર્દિક અશોકભાઈ રાણા અને તેના બે મિત્રો ઘનશ્યામ પ્રદીપભાઈ કાછીયા તથા ઉત્તમ ભોગીલાલ કુશવાહ, તેમજ ગોર મહારાજ નરેશ રતીલાલ પુરોહિત (રે. દેવા તળપદ, તા. સોજીત્રા, જી. આણંદ), ઘુંડી તા. ઠાસરા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી અને ગોધરાના એડવોકેટ નોટરીએ મળીને કાવતરું રચ્યું હતું. કોઈ પણ પ્રકારના લગ્ન થયા ન હોવા છતાં, યુવતીને અંધારામાં રાખી, ધમકી આપી અને કેફી પદાર્થ પીવડાવી કોરા કાગળો અને સોગંદનામા પર સહીઓ કરાવવામાં આવી હતી.

યુવતીએ આક્ષેપ કર્યો છે કે તેની મિત્રતાનો લાભ લઈ આરોપી હાર્દિક રાણાએ દસ્તાવેજો મેળવી, નોટરી સાથે સાંઠગાંઠ કરી, ખાલી વિગતો રાખેલા સોગંદનામા પર સહીઓ કરાવી અને ખોટી રીતે હિન્દુ વિધિથી લગ્ન થયાનું દર્શાવી તા. 11/03/2024ના રોજ ઘુંડી તા. ઠાસરા ખાતે લગ્નનું સર્ટિફિકેટ બનાવડાવ્યું હતું. વધુમાં, તલાટી કમ મંત્રી પાસેથી મળેલી પ્રમાણિત નકલોમાં પણ ચેડા કરાયા હોવાનું યુવતીએ જણાવ્યું છે. યુવતીએ સ્પષ્ટ કર્યું છે કે તેણીએ કોઈ બ્રાહ્મણ કે સાક્ષી રૂબરૂ લગ્ન કર્યા નથી. આ અંગે તેણીએ સોગંદનામું પણ આપ્યું છે. ગત તા. 30/08/2024ના રોજ ઘુંડી ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી દ્વારા આરોપી હાર્દિક રાણાને ખુલાસો કરવા નોટિસ આપવામાં આવી હતી, છતાં આજદિન સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

યુવતી અને તેના પરિવારે માંગ કરી છે કે તલાટી કમ મંત્રી દ્વારા અત્યાર સુધી કેટલા લગ્ન રજીસ્ટર કરાયા છે, તેમાં કેટલા વિવાદિત છે અને શું વાસ્તવમાં બ્રાહ્મણ તથા સાક્ષીઓ હાજર હતા–તે તમામ બાબતોની સઘન અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે. સમગ્ર મામલે હવે કાલોલ પોલીસ અને વહીવટી તંત્ર શું કાર્યવાહી કરે છે તેના પર સૌની નજર ટકેલી છે.

જાંબુઘોડા તાલુકામાં કારમાં આવેલા તસ્કરોનો આતંક: બંધ મકાનમાં ચોરી

(પ્રતિનિધિ) જાંબુઘોડા, તા. 6

જાંબુઘોડા તાલુકામાં સ્વિફ્ટ કારમાં આવેલા અજાણ્યા તસ્કરોએ વિવિધ વિસ્તારોમાં બંધ મકાનોને નિશાન બનાવ્યા હોવાની માહિતી મળી છે. આ દરમિયાન ખાંડીવાવ ગામમાં એક બંધ મકાનમાંથી રોકડ રકમની ચોરી કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતોનુસાર, સોમવારની વહેલી સવારે સ્વિફ્ટ કારમાં આવેલા અજાણ્યા તસ્કરોએ જાંબુઘોડા પંથકના આંબાવાડીયા વિસ્તાર તેમજ જાંબુઘોડા ચોકડી ખાતે આવેલા બંધ મકાનોને નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ત્યાંથી તસ્કરોને કશું હાથ લાગ્યું ન હતું.

ત્યારબાદ આ જ સ્વિફ્ટ કારમાં આવેલા તસ્કરો જાંબુઘોડા તાલુકાના ખાંડીવાવ ગામે પહોંચ્યા હતા. ખાંડીવાવ ગામમાં રહેતા તથા મૂંગા પશુઓના વેપાર ધંધા સાથે સંકળાયેલા જમીલભાઈ કરીમભાઈ સિંધી પોતાના સગા-સંબંધીઓના ઘરે ગઢ બોરીયાદ ગયા હોવાથી તેમનું મકાન બંધ હતું. આ તકનો લાભ લઈ તસ્કરોએ તેમના મકાનને નિશાન બનાવ્યું હતું.

તસ્કરોએ ઘરની લોખંડની જાળીની નકુચી તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને ઘરમાં રહેલો સામાન વેરવિખેર કરી દીધો હતો. ત્યારબાદ ઘરમાંથી રૂ. 15 થી 20 હજાર જેટલી રોકડ રકમ તેમજ જરૂરી કાગળો લઈને તસ્કરો ફરાર થઈ ગયા હતા. જમીલભાઈ બહારગામ હોવાથી આજુબાજુના રહેવાસીઓએ મકાનનું તાળું તૂટેલું જોઈ સમગ્ર ઘટનાની જાણ જમીલભાઈને કરી હતી. તેઓએ ઘરે આવી તપાસ કરતા રોકડ રકમની ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ જમીલભાઈ સિંધી જાંબુઘોડા પોલીસ સ્ટેશન ખાતે આવી સમગ્ર હકીકત નોંધાવી હતી.

ગતિવિધિ

ગરબાડામાં શ્રી ખાટું શ્યામ બાબા મહા કીર્તન કાર્યક્રમ યોજાયો

દાહોદ । ગરબાડા નગરમાં તારીખ ૫ ને સોમવારના રોજ શ્રી શ્યામ સેવા સમિતિ દ્વારા શ્રી ખાટું શ્યામ બાબા મહાકીર્તનના કાર્યક્રમનું આયોજન કરાયું હતું રાત્રિના આઠ કલાકે શિવ શક્તિ કોમ્પલેક્ષ પાછળ શિવનગર આઝાદ ચોકમાં શરૂ કરાયેલા આ કીર્તન કાર્યક્રમમાં ભવ્ય દરબાર,અલૌકિક શૃંગાર, અખંડ જ્યોત ,૫૬ ભોગ, અત્તર અને કેસર વર્ષા સહિતના કાર્યક્રમો રંગે ચંગે કરાયા હતા. ત્યારબાદ મહા પ્રસાદનો શ્રદ્ધાળુઓએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો જે શ્રી ખાટુ શ્યામ બાબા મહા કીર્તનના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટયા હતા

મોરવા(હડફ) તાલુકાની વિદ્યાર્થિની ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં રાજ્યમાં પ્રથમ ક્રમે

લીમખેડા । દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય શાંતિકુંજ હરિદ્વાર દ્વારા આયોજિત " ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા વર્ષ 2025/26 માં ધી મહાલક્ષ્મી માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળા મેખરની વિદ્યાર્થીની મલ્લિકાબેન રંગીતસિંહ ડામોર(ધોરણ.૯) સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે.જેઓએ પંચમહાલ જિલ્લાનું,મોરવા(હડફ) તાલુકાનું,શાળાનું તેમજ મેખર ગામનું ગૌરવ વધારવા બદલ ગાયત્રી પરિવાર સંગઠન મોરવા(હડફ)ના સંયોજક એસ.ડી.પટેલ,ગાયત્રી પરિવાર ટ્રસ્ટના પ્રમુખ એસ.પી.ડામોર, ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાના સંયોજક કાંતિભાઈ ડી ડામોર તેમજ મોરવા (હડફ) તાલુકાના પરિજન ભાઈઓ બહેનો એ શિલ્ડ એનાયત કરીને દીકરીને અભિનંદન સાથે દીકરીના ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી.

મસાલા પ્રોડ્યુસર ગ્રુપ વડવા સ્વ-સહાય જૂથની બહેનોનો તાલીમ વર્ગ યોજાયો

દાહોદ । આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીઆ દ્વારા સ્વ-સહાય જૂથની બહેનોનું ક્ષમતા વર્ધન વિષય ઉપર તા. 03/01/2026 ના રોજ વડવા ગામ ખાતે મોડલ વેલ્યુ ચેઈન ડેવલોપમેન્ટ ફોર આઈ.એફ.એસ. યોજના અંતર્ગત એક દિવસીય ખેડૂત તાલીમ વર્ગ યોજાયો હતો. આ એક દિવસીય તાલીમ વર્ગમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ કેન્દ્રના સહ- સંશોધન વૈજ્ઞાનિક ડો. બી. જે. સંગાડા દ્વારા ખેડૂતોનું શાબ્દિક સ્વાગત કરી કેન્દ્રની વિવિધ સંશોધન અને વિસ્તરણની પ્રવૃત્તિઓ વિશે બહેનોને માહિતગાર કર્યા તેમજ સ્વ-સહાય જૂથની બહેનોને આત્મનિર્ભર, આત્મવિશ્વાસુ તેમજ સશક્ત બને તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું. તથા વી. જે. મોરી દ્વારા સ્વ સહાય જુથની બહેનોને ટ્રે ડ્રાયર અને સ્લાઈસર મશીન વિશે સમજણ આપવામાં આવી. તાલીમ કાર્યક્રમના અંતે વી. જે. મોરી દ્વારા શાબ્દિક આભાર વિધિ કરી કાર્યક્રમ પુર્ણ કરવામાં આવ્યો. આ એક દિવસીય તાલીમ વર્ગમાં ગરબાડા તાલુકાના વડવા ગામની કુલ ૩૪ જેટલી મહિલા ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો. તાલીમ પ્રોગ્રામનું સંકલન વી. જે. મોરી તથા શ્રીમતી એસ. એસ. મુનિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

બલૈયા અને ભાટ મુવાડીને ફરી ફતેપુરા તાલુકામાં સમાવેશ કરવા લોકોની માંગ

ફતેપુરા-સુખસર તાલુકા વિભાજનનો મુદ્દો ગરમાયો

(પ્રતિનિધિ) સુખસર, તા. 6

ફતેપુરા તાલુકાનું વિભાજન થતાં નવા સુખસર તાલુકાનું અસ્તિત્વ આવ્યું છે. આ વિભાજન અંતર્ગત 46 જેટલા ગામડાઓનો સુખસર તાલુકામાં સમાવેશ કરાયો છે. પરંતુ આ પ્રક્રિયામાં બલૈયા ગ્રામ પંચાયત હેઠળ આવતા બલૈયા અને ભાટ મુવાડી ગામોને સુખસર તાલુકામાં સામેલ કરાતા સ્થાનિક ગ્રામજનોમાં અસંતોષ ફેલાયો છે. પરિણામે બલૈયા ગામના નાગરિકોએ ફતેપુરા મામલતદારને આવેદનપત્ર પાઠવી બંને ગામોને ફરી ફતેપુરા તાલુકામાં જ રાખવાની માંગ ઉઠાવી છે.

મળતી માહિતી મુજબ, બલૈયા ગ્રામ પંચાયત હેઠળ આવતા ચાર ગામોમાંથી બાવાની હથોડ અને બારીયાની હથોડ ગામોને ફતેપુરા તાલુકામાં જ રાખવામાં આવ્યા છે, જ્યારે બલૈયા અને ભાટ મુવાડી ગામોને સુખસર તાલુકામાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ નિર્ણયને લઈ ગ્રામજનોનું કહેવું છે કે બલૈયા ગામથી સુખસર પહોંચવા માટે બે વાહનો બદલવા પડે છે, જેના કારણે ગરીબ અને સામાન્ય નાગરિકોને સમય તથા નાણાંનો વધારાનો બોજ સહન કરવો પડે છે.

ગ્રામજનોએ આવેદનપત્રમાં સ્પષ્ટ જણાવ્યું છે કે રોજબરોજના વહીવટી કામો, દસ્તાવેજી કામગીરી અને સરકારી સેવાઓ માટે ફતેપુરા તાલુકો વધુ સુલભ અને નજીક પડે છે. તેથી બલૈયા અને ભાટ મુવાડી ગામોને ફતેપુરા તાલુકામાં જ રાખવામાં આવે તે જરૂરી છે.

જો આ માંગ સંતોષવામાં નહીં આવે તો આવનાર સમયમાં ગ્રામજનો દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેમજ આવનારી ચૂંટણીઓનો બહિષ્કાર કરવાની પણ ચીમકી આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ મુદ્દે હવે તંત્ર શું પગલાં લે છે તેના પર સમગ્ર વિસ્તારમાં નજર ટકેલી છે.

દેવગઢબારિયા પહોંચેલી જન આક્રોશ યાત્રા સભામાં ફેરવાઈ

મનરેગાના ભ્રષ્ટાચારના મામલે માજી મંત્રીના માથે માછલા ધોવાયા

(પ્રતિનિધિ) દાહોદ, તા.6

દાહોદ જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા વિકાસના કામોના ખાત મુરત તેમજ લોકાર્પણના છેલ્લા કેટલાય દિવસોથી સતત પણે ચાલી રહેલા કાર્યક્રમો વચ્ચે ત્રીજા તબક્કામાં ફાગવેલ થી શરૂ થયેલી કોંગ્રેસની જન આક્રોશ યાત્રા ૧૫માં દિવસે આજે દેવગઢ બારિયા આવી પહોંચી હતી અને તે ઐતિહાસિક ટાવર ચોક માં સભાના રૂપમાં ફેરવાઈ હતી.જેમા ગામે ગામથી જનતા જનાર્દન ખૂબ મોટી સંખ્યામાં જોડાઈને આ યાત્રાને સમર્થન આપી રાજ્યમાં સત્તા પર બેઠેલી ભાજપ સરકાર પર વિશ્વાસ ન રહ્યાની પ્રતીતિ કરાવી રહી છે. આ સભામાં કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાએ પોતાના તેજાબી વક્તવ્યમાં જણાવ્યું હતું કે, દેવગઢ બારિયામાં વર્ષોથી ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય છે અને જેઓ વર્ષો સુધી મંત્રી પણ રહ્યા છે. એમનો પરિવાર મનરેગાના ભ્રષ્ટાચાર માટે આખી દુનિયામાં જાણીતો થયો છે. એ જ દેવગઢ બારીયાની પાલિકામાં કરોડોનો ભ્રષ્ટાચાર થયાના પણ આક્ષેપ કર્યા હતા.

ગોધરાના ગોવિંદીમાં એસ.ઓ.જી.એ દરોડો પાડી કાર્યવાહી કરી

ગોધરામાંથી 105 કિલો શંકાસ્પદ પનીરનો જથ્થો ઝડપી પાડ્યો

ફૂડ એન્ડ ડ્રગ્સની ટીમે પનીરના સેમ્પલ મેળવીને તેને પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલી આપ્યા

(પ્રતિનિધિ) ગોધરા, તા. 06

ઉત્તરાયણના તહેવારોને ધ્યાનમાં રાખીને લોકોના આરોગ્ય સાથે ચેડાં ન થાય તે માટે પંચમહાલ એસ.ઓ.જી. પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરી છે. ગોધરા તાલુકાના ગોવિંદી ગામમાં એક ગોડાઉન પર દરોડો પાડી પોલીસે 105.320 કિલોગ્રામ શંકાસ્પદ પનીરનો જથ્થો ઝડપી પાડ્યો છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમની હાજરીમાં કરાયેલી આ કાર્યવાહી દરમિયાન અંદાજે રૂ. 24,223ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

પોલીસ તપાસ મુજબ, આ શંકાસ્પદ પનીરનો જથ્થો ગોવિંદી ગામના પીપળીયા ફળિયામાં રહેતા કિશન સુભાષભાઈ વિરવાણીના ગોડાઉનમાંથી મળી આવ્યો હતો. આરોપીની પૂછપરછ દરમિયાન તેણે કબૂલાત કરી હતી કે આ પનીરનો જથ્થો તેણે મહેસાણાથી વેચાણ અર્થે મંગાવ્યો હતો. તહેવારો દરમિયાન ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થોનું વેચાણ અટકાવવા માટે પોલીસ અધિક્ષકની સૂચના મુજબ આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. દરોડા દરમિયાન હાજર રહેલી ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમે પનીરના નમૂનાઓ લઈ તેને પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલી આપ્યા છે. લેબોરેટરી રિપોર્ટ આવ્યા બાદ આ મામલે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

ગરબાડામાં કોંગ્રેસની જન આક્રોશ યાત્રાનું સ્વાગત, સરકાર સામે આકરા પ્રહારો

(પ્રતિનિધિ) ગરબાડા, તા.6

ગરબાડા તાલુકામાં કોંગ્રેસ દ્વારા યોજાયેલી જન આક્રોશ યાત્રાનું ઉમળકાભેર અને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં કાર્યકરો તથા જનમેદની ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમમાં કોંગ્રેસ ગુજરાત પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ દારૂ, ભ્રષ્ટાચાર, મોંઘવારી અને બેરોજગારી જેવા મુદ્દાઓને લઈને ભાજપ સરકાર ઉપર તીખા પ્રહારો કર્યા હતા.

જન આક્રોશ કાર્યક્રમ દરમિયાન ગરબાડાના પૂર્વ ધારાસભ્ય ચંદ્રિકાબેન બારિયાએ ભાજપના તાલુકા પાર્ટી પ્રમુખ દ્વારા પંચાયત સામેની તેમની જમીનમાં કાર્યક્રમ યોજવા ન દેવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરતા ભારે રોષ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે મોંઘવારી અને બેરોજગારીથી જનતા ત્રસ્ત છે. ઘરે ઘરે નળ નાખવામાં આવ્યા છે, પરંતુ નળમાંથી પાણીના બદલે દારૂ નીકળે તેવી સ્થિતિ સર્જાઈ છે. દારૂના વ્યસનના કારણે અનેક મહિલાઓ વિધવા બની છે. ત્યારબાદ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ સરકાર સામે આકરા શબ્દોમાં પ્રહાર કરતા જણાવ્યું હતું કે નલ સે જલ યોજના અંતર્ગત મહિલાઓને આજે પણ ઘરે પાણી મળતું નથી. યોજનામાં થયેલા ભ્રષ્ટાચારના કારણે મહિલાઓને દૂર દૂર સુધી માથે બેડા લઈને પાણી ભરવા જવું પડે છે, જ્યારે બીજી તરફ રાજ્યમાં દારૂની રેલમછેલ ચાલી રહી છે. રાજસ્થાન અને મધ્ય પ્રદેશની સરહદોથી દારૂ ગુજરાતમાં ઘુસાડવામાં આવે છે. કેટલીક જગ્યાએ ભાજપના નેતાઓ અને ક્યાંક પોલીસનું નેટવર્ક દારૂની હેરાફેરીમાં સંડોવાયેલું હોવાનું ગંભીર આક્ષેપ પણ તેમણે કર્યો હતો.

ગોધરા રાયોટિંગ કેસમાં એલસીબીએ અલગ-અલગ વિસ્તારોમાંથી ઝડપી પાડ્યા

ગોધરા રાયોટિંગ કેસના ત્રણ વોન્ટેડ આરોપીઓ ઝડપાયા

(પ્રતિનિધિ) ગોધરા, તા.6

પંચમહાલ-ગોધરા લોકલ ક્રાઈમ બ્રાન્ચે ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા રાયોટિંગ અને જાહેર મિલકતને નુકસાન કરવાના ગંભીર ગુનામાં નાસતા ફરતા ત્રણ વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. પંચમહાલ ગોધરા રેન્જ પોલીસ મહાનિરીક્ષક આર.વી. અસારી અને પોલીસ અધિક્ષક ડૉ. હરેશભાઈ દુધાત દ્વારા નાસતા ફરતા ગુનેગારોને પકડવા માટે ચલાવવામાં આવી રહેલી ઝુંબેશ હેઠળ LCB પી.આઈ. એન.એલ. દેસાઈના માર્ગદર્શનમાં આ કાર્યવાહી કરવામાં આવી હતી.

એલ.સી.બી.ના કોન્સ્ટેબલ યોગેશકુમાર સુભાષચંદ્રને મળેલ બાતમીના આધારે જૂના ડાકોર રોડ પર આવેલ શિમલા ગેરેજ પાસે વોચ ગોઠવવામાં આવી હતી. જ્યાંથી રાયોટિંગના ગુનામાં વોન્ટેડ આરોપી સુફીયાન ઈસશાક સમોલ ઉર્ફે ભુખરી રહે. ભુખરી પ્લોટ, ગોધરા ને દબોચી લેવામાં આવ્યો હતો. ત્યારબાદ તુરંત જ બીજી એક કાર્યવાહીમાં, કોન્સ્ટેબલ અલ્પેશભાઈ નારણભાઈને મળેલી બાતમી મુજબ ગોધરાની મીમ મસ્જિદ પાસે ખાનગી વોચ ગોઠવીને આ જ ગુનાના અન્ય બે વોન્ટેડ આરોપીઓ શોકત ઈસ્માઈલ દુર્વેશ ઉર્ફે ચીટર અને ઈર્ષાદ સઈદ શિકારીને પણ ઝડપી પાડવામાં આવ્યા હતા.

પકડાયેલા આ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની વિવિધ કલમો તથા જાહેર મિલકતને નુકસાન થતું અટકાવવા બાબતના અધિનિયમ-૧૯૮૪ હેઠળ ગુનો નોંધાયેલો હતો. તમામ આરોપીઓને કાયદેસરની કાર્યવાહી માટે ગોધરા શહેર બી ડિવિઝન પોલીસને સોંપવામાં આવ્યા છે.

કાલોલ: બાકરોલ પ્રા. શાળાના આચાર્યને સન્માનિત કરાયા

(પ્રતિનિધિ) કાલોલ, તા.6

ગુજરાત રાજ્ય અને રાષ્ટ્રીય એવોર્ડ ટીચર્સ ફેડરેશન સમર્પિત છે. તેની વાર્ષિક સાધારણ સભા અને શૈક્ષણિક અધિવેશન આનંદ નિકેતન સુઘડ, ગાંધીનગર ખાતે તાજેતરમાં યોજાયું હતું. તેમાં 'બાળ દેવો ભવ' અને સરકારી શાળા શ્રેષ્ઠ શાળાના સંકલ્પ સાથે વિદ્યાર્થીઓમાં એક ઉત્તમ નાગરિક ઘડતર થકી રાષ્ટ્રીય નિર્માણ કાર્યમાં પોતાનું શ્રેષ્ઠ યોગદાન બદલ કાલોલ તાલુકાની બાકરોલ પ્રાથમિક શાળાના આચાર્ય દિનેશભાઇ પ્રજાપતિ, રાજ્ય પારિતોષિક વિજેતાનું રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી રિવાબા જાડેજા દ્વારા સન્માન કરાયું હતું.

હાલોલ જ્યોતિ સર્કલ પાસેથી ચોરીની બાઈક સાથે ઈસમ ઝડપાયો

રોકડ રકમ સાથે તરખંડા ગામના ઇસમને એલસીબી પોલીસે ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) હાલોલ, તા.6

હાલોલ શહેરના સ્ટેશન રોડ પર આવેલ જય માતાજી પ્રોવિઝન સ્ટોર કરિયાના ની દુકાનમાંથી આથી વીસ દિવસ પેહલા રોકડા રૂપિયાની ચોરી થયેલ તે ચોરી જસપાલ ઉર્ફે કાળિયો ગોપાલસિંહ પરમાર (રહે.તરખંડા હાઆ થમણું નું ફળિયું તા.હાલોલ)નાઓએ કરેલ છે અને તે ચોરીની રોકડ રકમ લઈને પાવાગઢ તરફથી મોટર સાયકલ જેનો નબર G.J.06 K.J.1198 લઈને હાલોલ જ્યોતિ સર્કલ તરફ આવે છે તેવી બાતમીના આધારે જિલ્લા

એલસીબી પોલીસ ટીમ હાલોલ જ્યોતિ સર્કલ પાસે નાકાબંધી કરી વોચમાં હતા દરમ્યાન બાતમી વાળી મોટર સાયકલ આવતા તેને ઝડપી પાડ્યો હતો. તેની પાસે ચોરી કરેલ રોકડ રકમ 12,200 તેમજ પોલીસે જસપાલ ઉર્ફે કાળિયાની સઘન પૂછપરછ કરતા જાણવા મળ્યું હતુ કે આજથી એકાદ મહિના પહેલા વડોદરાના છાણી રોડ પર આવેલ મોલના પાર્કિંગમાંથી મોટર સાયકલની ચોરી કરી હતી. જેથી પોલીસે ઈસમ પાસેથી રોકડ રકમ અને મોટર સાયકલ કબજે કરી હતી.